## (૧) ટ્રેક નં. ૫ : અસ્તિ-અસ્તિત્વ વિષે

✿ શું દ્રવ્ય અને ગુણ, પર્યાયનું જુદું અસ્તિત્વ છે? મને તે ખબર જ નથી. તો સાંભળો પૂજ્ય ગુરુદેવશ્રી પાસેથી.

✿ માંગલિક

✿ ભક્તિ : અસંખ્ય પ્રદેશી આતમ મારો, સત્તાએ એ શુદ્ધ રે (૨)

✿ વસ્તુ હૈ એ કોઈ દુઃખરૂપ ન હોઈ શકે. વસ્તુ હૈ એ વિકૃત ન હોઈ શકે. વસ્તુ હૈ ઈ અપૂર્ણ ન હોઈ શકે. વસ્તુ હૈ ઉસકો પરકા આશ્રયસે ટિકના હોઈ શકે નહીં ઔર પર્યાયકી અપેક્ષાએ જ્ઞાયક હૈ નહીં, કિ પર્યાય અપેક્ષા હૈ તો મૈં હૂઁ, ઐસી બાત હૈ નહીં. નિર્મળ પર્યાય હૈ તો મૈં હૂઁ, ઐસી અપેક્ષા નહીં. મલિન પર્યાય હૈ તો મૈં હૂઁ, યે તો નહીં (પણ નિર્મળ પર્યાયકી અપેક્ષા નહીં.)

✿ પ્રભુ! તારી વર્તમાન જ્ઞાનની હૈયાતી તને જણાય છે કે નહીં? વર્તમાન જાણનારની અસ્તિ, હૈયાતી જણાય છે કે નહીં? કોઈ પણ પ્રસંગમાં જાણનાર પોતે ન હોય તો જાણે કોને? તો જાણનારની અસ્તિ (તો) વર્તમાનમાં તો તને જાણાય છે. એ અસ્તિ જાણનારની એટલું જ તત્ત્વ એ આખું નથી. એ જાણનાર, જાણનાર, જાણનાર ત્રિકાળ છે. એ પર્યાય ધ્રુવને બતાવે છે. વર્તમાન કાયમને બતાવનાર છે. અનિત્ય છે તે નિત્યને બતાનાર છે.

✿ અસ્તિ હૈ, સત્તાવાળી ચીજ હૈ, તત્ત્વ હૈ યે તો મુક્ત હી હૈ, વસ્તુ હૈ, હૈ ‘હૈ યે તો ‘હૈ મૈં હી હૈ’ બંધમેં હૈ હી નહીં. ઉસમેં તો ‘હૈ’ હી નહીં. રાગાદિ બંધ ઉસમેં તો ‘હૈ’ હી નહીં.

✿ અસ્તિ, વસ્તુ, મોજૂદગી, ચીજ, એકરૂપ રહેનેવાલું તત્ત્વ, એમાં અનેકરૂપ હોનેવાલી પર્યાય, એ બે એકરૂપમેં નહીં હૈ.

✿ એ જાણનાર જ્ઞાયક છે, જેની હૈયાતી વિના બીજી ચીજની હૈયાતીની (હૈયાતી) ખબર પણ ન પડે, જેની જાણવાની હૈયાતી વિના, બીજી આ ચીજ છે હૈયાતીવાળી એની પણ ખબર ન પડે.

✿ જે વર્તમાનમાં જાણનાર છે કે વર્તમાનમાં જે સ્થિતિ છે તે ત્રિકાળને સિદ્ધ કરે છે કે તત્ત્વ ત્રિકાળ છે.

✿ પોતાનું અસ્તિત્વ એટલે હૈયાતી, રાગ અને કર્મથી જુદો છે એમ જ્યાં પોતે પોતાને જોયો, જ્ઞાનની પર્યાય દ્વારા, વીતરાગી દશા દ્વારા, એને ઓળખ્યો, ત્યારે એ પરથી જુદો પડી ગયો.

✿ એવો નિઃસ્પૃહ થઈ જાય છે કે 'મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે. મારે મારું હોવાપણું જેટલું, જેવડું, ધ્રુવનું હોવાપણું જેવડું દ્રવ્યનું છે એ જ જોઈએ છે'. હૈયાતી, મારી ત્રિકાળી હૈયાતી, અનંત અનંત વસ્તુ જે પોતે હૈયાતીવાળી, ત્રિકાળ, એની સંપદાઓ અનંતગુણો પણ, અનાદિ હૈયાતીવાળી ચીજ છે, એમાં ખંડને ખાંપણ જરીય આવી નથી, એવો જે પ્રભુ મારો દ્રવ્ય સ્વભાવ-એની ૠદ્ધિ લક્ષમાં આવતા, અપરિમિત વસ્તુનો ખ્યાલ આવતા છતાં જેના વિકલ્પમાં રોકાતો નથી. બીજે તો રોકાતો નથી. (પણ)

✿ એ ચૈતન્ય વસ્તુ અસ્તિ છે ને ? છે (ને) ? તો પછી એમાં કોઈ સ્વભાવ છે કે નહીં? વસ્તુ હોય એને કોઈ સ્વભાવ હોય કે નહીં? તો એનો સ્વભાવ છે ઈ જાણવું, આનંદ એ એનો સ્વભાવ છે. પણ આનંદ પ્રગટ નથી એથી એને જ્ઞાનસ્વભાવથી વર્ણન વિશેષ કર્યું છે. કેમકે પ્રગટમાં જ્ઞાનની અવસ્થા-દશા એમાં જાણે છે, 'આ છે, આ છે, શરીર આ છે, શરીર છે, વાણી છે, ફલાણું છે, બાયડી છે, છોકરા, દેશ છે', એ જે ભૂમિકામાં, જેના અસ્તિત્વની સત્તામાં એ જણાય છે એ 'જાણનારો' જણાય છે. તેને જાણ. ત્યાં ઉપરની દૃષ્ટિ છોડી દે, કારણ કે જે જણાય છે તેમાં તું નથી, એનો તું જાણનારો છું, તેમાં તું છો.

✿ ચૈતન્ય તો જ્ઞાન અને આનંદની મૂર્તિ, જ્ઞાયકમૂર્તિ છે, જ્ઞાન અને આનંદ કોઈ દિ બંધાય છે? ગુણ છે, આનંદ ને જ્ઞાન ગુણ છે, શક્તિ છે, સત્‌નું સત્ત્વ છે, એ સત્ત્વને સત્ત્વ કોઈ બંધાય છે? વસ્તુ. વસ્તુ તરીકે તો જ્ઞાયકમૂર્તિ છૂટ્ટી છે. આવી આત્માની વાત છે.

✿ પોતે પોતાને ભૂલી ગયો છે. આવડું અસ્તિત્વ મોટું પ્રભુ, એને ભૂલી ગયો, અલ્પ અસ્તિત્વમાં પોતાનું માન્યું, મહાસત્ત્વનું અસ્તિત્વ તેને ભૂલી ગયો.

✿ પહેલા ઉપર-ઉપરથી અસ્તિત્વનું જોર આવે, પહેલું એના ખ્યાલમાં

'આ છે, છે, છે, છે વસ્તુ છે', એવું ઉપર-ઉપરથી એટલે વિકલ્પથી પ્રબાહ્ય જ્ઞાનની પર્યાયમાં પણ 'આ છે, વસ્તુ છે, અસ્તિ છે, હોવાવાળું તત્ત્વ છે, મોજૂદગી પ્રભુ બિરાજે છે, મોજુદગી', એવું અસ્તિત્વનું ઉપર-ઉપરથી જોર આવે, પછી અસ્તિત્વનું ઊંડાણથી જોર આવે, પછી અંતરમાં જઈને ઊંડાણથી જોર આવે.

✿ આ છે કે નહીં ચીજ કંઈ અંદર? 'હું' હોં, 'તું' અને 'તે' નહીં, 'હું છું' એવું પોતાથી પોતાને હોવાપણાનું, અસ્તિત્વનું, સત્તાનું, મોજુદગી ચીજનું જોર આવે, પોતે પોતાને ઓળખે ત્યારે એ પોતે પોતાનું જ્ઞાન કરે અને જાણે.

✿ મારે તો મારું અસ્તિત્વ એટલે હોવાપણાની ચીજ જે છે, આદિ નથી, શરૂઆત નથી, કોઈથી થઈ નથી, એવું જે અસ્તિત્વવાળું તત્ત્વ, હોવાપણું, અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત શાંતિ, સ્વચ્છતાદિ, હોવાપણાવાળું તત્ત્વ જોઈએ છે. બસ! પર્યાયની અવસ્થા પણ એક સમયની છે. એ અસ્તિત્વ પૂર્ણ નથી, એ અસ્તિત્વ ત્યાં નથી. અસ્તિત્વ પૂર્ણ આ (ધ્રુવ) છે.

✿ મારું અસ્તિત્વ જ જોઈએ છે, અસ્તિત્વ 'જ' જોઈએ છે. મારું હૈયાતીવાળું તત્ત્વ 'છે', 'છે' એવું તત્ત્વ. એ જોઈએ છે. દષ્ટિમાં અને જિજ્ઞાસામાં તો હૈયાતીવાળું તત્ત્વ-જે પૂર્ણ 'એ જ'. (જોઈએ છે). એની સંપદા એની મહિમાના રાગમાં પણ ન રોકાતા, એની પૂર્ણ ચીજ જે છે એ જ જોઈએ છે.

✿ વસ્તુ, ભગવાન આત્મા, પૂર્ણાનંદ પ્રભુ, અસ્તિ તરીકે 'છે' એવી ચીજ છે. અનાદિઅનંત, સનાતન સત્ય વસ્તુ પ્રભુ છે. સનાતન પરમ પરમાત્મ સત્ સ્વરૂપ છે. ત્યાં તું જા, તૃપ્ત થઈશ, તને શાંતિ મળશે, ભાઈ! અને તને ભવનો અભાવ થશે.

✿ જાણનારો જાણે છે એ તો પરને જાણે છે પણ પોતાનું અસ્તિત્વ આખું પરને જાણવામાં આવ્યું નથી. એ તો સ્વ અને પરને જાણે એવું અસ્તિત્વ જ એનું પોતાનું જ એવું છે. એનું હોવાપણું અને હૈયાતી જ એટલી (છે).

✿ 'હું એક ચૈતન્ય છું, ત્રિકાળી જ્ઞાયકભાવ, સ્વભાવ છું', 'ત્રિકાળી'

શબ્દ કહેતા, પણ વર્તમાન સમયમાં હું તેવડો પૂરો ધ્રુવ છું એવો જ્ઞાયક છું, પ્રમત્ત-અપ્રમત્ત નહીં. એ શુભાશુભ ભાવરૂપે (થયો જ નથી) ત્રિકાળી વસ્તુ જ્ઞાનનો કંદ છું, અનંત અમાપ શક્તિનો રસકંદ (છું) એની સત્તા એ જ્ઞાનરૂપે સત્તા છે.

✿ અપના સ્વરૂપ હૈ કે નહીં? આત્મા હૈ કિ નહીં? અસ્તિ હૈ નહીં? તીનોંકાલ રહનેવાલી ચીજ હૈં કિ નહીં? નયી બનતી હૈં? 'હૈ' ઉસકા નાશ હોતા હૈ? 'હૈ' ઉસકો ઉત્પન્ન કર સકતે હૈં? 'હૈ', હૈ ઐસી હૈ, ઐસા માન. ભૂતકાલમેં થા, વર્તમાનમેં હૈ, ભવિષ્યેં રહેગા, તો 'હૈ' ઐસી ચીજ હૈ, ઈસ ચીજમેં તો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન ભરા હૈ, ઉસમેં દયા, દાન ને વ્રત, ભક્તિકા ભાવ વિપરીત હૈ, દુઃખરૂપ હૈ.

✿ બાપુ! એ તો ચીજ પર છે, તારામાંથી થઈ નથી, તે તે કરી નથી, તારે તારી હૈયાતી છે માટે એની હૈયાતી છે એમ નથી, અને એની હૈયાતીમાં તારો કંઈ પણ ભાગ છે એમ નથી. એની હૈયાતી એને લઈને, જડની જડને લઈને, એની હૈયાતીથી તને કંઈ આશ્ચર્ય અને વિસ્મય લાગે તો તારી હૈયાતીની વિસ્મયતા તને નહીં બેસે.

✿ વસ્તુ છે અસ્તિ-ત્રિકાળી ધ્રુવ પદાર્થ છે તે કે દિ' બંધાય? ધ્રુવ બંધાય તો વસ્તુ-અવસ્તુ થઈ જાય. જેનો ત્રિકાળી સ્વભાવભાવ સત્‌રૂપે છે એ કદી રાગથી બંધાતો નથી. કર્મથી તો નહીં, પણ રાગથી ય બંધાતો નથી. દ્રવ્ય છે તે રાગમાં અટકતું નથી. દ્રવ્ય છે ઈ તો દ્રવ્યમાં રહેલું છે, પર્યાય એક સમયની રાગમાં અટકે એ તો એક સમયની દશા છે. વસ્તુ જે છે ચૈતન્યરસ-જ્ઞાયકભાવ-દ્રવ્યસ્વભાવ-વસ્તુ છે અનાદિ અનંત, એ બંધાતી નથી. કહે કે પર્યાયમાં બંધ છે ને? માટે દ્રવ્ય બંધાય છે ને? ના એમ નથી. એક સમયની પર્યાય અટકેલી છે, દ્રવ્ય અટકેલું નથી. દ્રવ્ય તો છૂટું મુક્તસ્વરૂપ જ છે.

✿ પોતે જ શુદ્ધ ચૈતન્યઘન અસ્તિપણે હતો. એને જેણે રાગ ને પુણ્યને મારા માનીને નાસ્તિપણે માન્યો હતો એણે 'રાગ અને પુણ્ય હું નહીં, હું તો પૂર્ણ આનંદ છું' એમ જાણ્યું ને માન્યું, એમ અસ્તિથી પોતાની દૃષ્ટિ

થઈ એવો બધા આત્માઓ અસ્તિપણે છે. કોઈને અમે રાગ-દ્વેષવાળા દેખતાં જ નથી-વસ્તુદૃષ્ટિએ. પર્યાયદૃષ્ટિથી એ તો જાણવાલાયક છે. આ તો આદરવાલાયક પણ આ (ધ્રુવ) છે.

✿ ધ્યેય પર ચીજનું નહીં, ધ્યેય રાગનું નહીં, એક ધ્યેય પર્યાયનું નહીં, સ્વરૂપ જે ચૈતન્ય ભરપૂર સ્વભાવથી ભરેલું અસ્તિ છે, અસ્તિ છે, તેનું અસ્તિત્વનું અસ્તિત્વ તરીકે ધ્યેય બનાવીને માનવું અને અનુભવવું-એમાં દુનિયાની પ્રતિકૂળતા થઈ જાઓ કે અનુકૂળતા હો, એને જોઈશ નહીં.

✿ આ તત્ત્વ સર્વોત્કૃષ્ટ પ્રભુ અંદર, એની આગળ કેવળજ્ઞાનની પર્યાયની પણ કિંમત નથી. એવું સર્વોત્કૃષ્ટ તત્ત્વ-એના અસ્તિત્વની હૈયાતીની કબૂલાત કરીને અંદરમાં અનુભવ કરવો.

✿ ગમે તે પ્રસંગ હો, પણ આત્મા(માં) જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવું એ શાંતિ છે. ચાહે તો પ્રતિકૂળ સંયોગ હો, અનુકૂળ હો, એ દરેક પ્રસંગમાં 'હું ચૈતન્ય શુદ્ધ આનંદ છું', એ દૃષ્ટિ એની ખસવી ન જોઈએ. હું તો એક જ્ઞાયક છું, મારું અસ્તિત્વ છે તેમાં પરનો પ્રવેશ નથી, તેમ મારો જે સ્વભાવ છે તે પરમાં જતો નથી' પછી પરના પ્રસંગમાં એને શાંતિ જ રહે. ખદબદાટ ન થાય. દરેક પ્રસંગમાં 'હું એક ચૈતન્ય છું એનું અસ્તિત્વ ક્યે ક્ષેત્રે અને ક્યે કાળે અને ક્યા પ્રસંગમાં નથી? પોતાનો જે આનંદ ને જ્ઞાન એવી અસ્તિત્વની સ્થિતિ જે, ભગવાન આત્માનું 'હોવાપણું' એ ક્યા પ્રસંગમાં નથી? એ તો જે જે પ્રસંગમાં આવે છે ત્યારે પોતાના 'હોવાપણાને' યાદ કરે, એને સ્મરે અને એમાં રહે તો એને શાંતિ મળે, શુભભાવનો પ્રસંગ હો, અશુભભાવનો પણ પ્રસંગ આવે, તોપણ ત્યાંથી ભિન્ન પડીને 'હું તો જ્ઞાન છું' એ વાત અંદરથી ખસવી ન જોઈએ.

✿ સર્વોત્કૃષ્ટ પ્રભુ! જેના અનંતાગુણો અને એક-એક ગુણમાં અનંતી શક્તિ. એક-એક ગુણમાં અનંતગુણનું રૂપ. જેમ જ્ઞાન છે આત્મામાં. એમ અસ્તિત્વ ગુણ છે, પણ એ અસ્તિત્વ ગુણ છે એ અસ્તિત્વગુણને લઈને જ્ઞાન છે એમ નહીં, જ્ઞાનમાં અસ્તિત્વનું રૂપ છે, જ્ઞાન પોતે પોતાથી છે, એવું અસ્તિત્વનું રૂપ છે. અસ્તિત્વગુણને લઈને નહીં. આવો અનંત ગુણનો ભંડાર ભગવાન છે.

✿ ભક્તિ : પૂર્ણ છું, હું પૂર્ણ છું, શુદ્ધ છું, હું શુદ્ધ છું,
સ્થિર છું, હું સ્થિર છું, નિત્ય છું, નિત્ય છું.
ધ્રુવ છું હું, ધ્રુવ છું, પૂર્ણ છું, હું પૂર્ણ છું.

✿ અરીસો સ્વચ્છ જ છે. એમાં અગ્નિ કે કોલસો કે સર્પ સામે દેખાય ને એની છાંય અંદર દેખાય આમ આમ, એ કાંઈ અગ્નિ ને સર્પ નથી ત્યાં. ઈ તો અરીસાની સ્વચ્છતા છે. અરીસાની સ્વચ્છતાનું અસ્તિત્વ છે, ઈ સર્પ ને અગ્નિનું અસ્તિત્વ ત્યાં નથી, એમ ભગવાન આત્મા ચૈતન્ય મૂર્તિ પ્રભુ, એમાં રાગાદિ જણાય એ તો એનું જ્ઞાન અને એની સ્વચ્છતા છે, રાગ એનામાં નથી, રાગ એનો નથી.

✿ પરદ્રવ્યસે તો મૈં ભિન્ન હૂં, ઉદાસીન. પણ અંતરમેં જો શુભ રાગાદિ ઉત્પન્ન હો, ઉસસે ભી મેરા આસન, મેરી હૈયાતી, મેરી ધ્રુવતા-ઉસસે ભિન્ન હૈ, ઐસે મૈં જ્ઞાતા હૂઁ, યે અસ્તિસે બાત લિયા. રાગસે વિરક્ત વૈરાગી હૂઁ, ઉદાસ હી હૂં ઔર સ્વભાવસે મૈં જ્ઞાતા હૂઁ.

✿ મેરા અસ્તિત્વમેં-મોજૂદગીમેં રાગાદિ ને પરદ્રવ્યકી તો અસ્તિત્વ હૈ હી નહીં, તો મૈં દ્વૈત હૂઁ. રાગ સહિત કે પર સહિત-ઐસા તો હૈ હી નહીં, અકેલા અદ્વૈત હૈ.

✿ ચૈતન્ય તો સદા ચૈતન્ય હી હૈ, ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપી અસ્તિ, અસ્તિત્વ જેનું-મોજુદગી ચીજ જે ચૈતન્ય. એ તો હૈ હી, સદા હૈ ત્રિકાળ, ઉત્પત્તિ ઔર વિનાશ ઉસમેં હૈ નહીં.

✿ ત્રિકાળ ચૈતન્ય જો વસ્તુ હૈ, વો તો બંધ મોક્ષકા કારણ કી પર્યાયકો ભી કરતે નહીં.

✿ ભગવાન પૂર્ણાનંદ પડા અંદર અસ્તિપણે સત્ હૈ, ધ્રુવ હૈ, સચ્ચિદાનંદ પ્રભુ સત્ હૈ, ચિદ્ (અને) જ્ઞાન-આનંદસે પરિપૂર્ણ ભરા હૈ, ઉસકા પરકા સંગ તો કિયા તો અસંગ ચીજકો દેખ પાયા નહીં.

✿ 'મૈં મેરેકો દેખતા નહીં. પ્રભુ! કઈ સત્તામેં યે દેખતે નહીં'. ઐસા નિર્ણય કિયા 'મૈં દેખતે નહીં, મૈં દેખતા નહીં, મેરે કો મૈં દેખતા નહીં' એ કઈ સત્તામેં નિર્ણય કિયા? રાગકી સત્તામેં કિ જ્ઞાનકી સત્તામેં, 'યે દેખતે નહીં' વો હી દેખ રહે હૈ.

✿ અસ્તિત્વ-જે કાયમી અસ્તિત્વ, અનાદિ અનંત, અપની સત્તામેં રહનેવાલા પરકી સત્તામેં જાતે નહીં અને પરકી સત્તાસે અપનેમેં કુછ હોતા નહીં. તેરા અસ્તિત્વ કો પહિચાનકર સ્વરૂપમેં સ્થિર હોજા. તેરા અસ્તિત્વ નામ સત્તા, હોવાપણામેં, ઉસકો જ્ઞાન કરકે, આ 'મૈં આત્મા પૂર્ણાનંદ હૂઁ' યે મેરા અસ્તિત્વ હૈ ઉસકો પહિચાનકર સ્થિર હો જા અંદર, સ્વરૂપમેં રમણતામેં રમ જા. નિજપદ રમે રામ કહીએ. રાગમાં રમે તે હરામ કહીએ. હવે અસ્તિસે-પૂર્ણ ભરા હો જેમ શક્કરમેં સફેદાઈ, મીઠાશ પૂર્ણ ભરી હૈ, ઐસે ભગવાનમેં-નિત્ય સ્થાયી સ્વરૂપમેં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, ઈશ્વરતા, ઐસી અનંતી શક્તિઓ પડી હૈ અંદર.

✿ ભગવાન! તૂ અધૂરા નહીં, તૂ અપૂર્ણ નહીં, તેરેમેં આવરણ નહીં, તેરેમેં અશુદ્ધતા નહીં, તેરેમેં પૂર્ણમેં અપૂર્ણતા નહીં, ઐસે ભગવાન સત્ત્વ હૈ, તત્ત્વ હૈ ને? અનાદિ અનંત વસ્તુ હૈ ને? હૈ, સત્ હૈ ને? સત્ત્વ હૈ ન? હૈ તો પૂર્ણ હી હૈ? હો પૂર્ણ ઉપર જો દૃષ્ટિ ન હો, અથવા તેરી પર્યાયમેં અપૂર્ણતા હૈ તો વસ્તુ અપૂર્ણ માનેગા (તો) સમ્યગ્દર્શન નહીં હોગા, સત્ પૂર્ણ સ્વરૂપ હૈ, ઐસા દર્શન નહીં હોગા.

✿ વસ્તુ જિસકો કહીએ, તત્ત્વ, આત્મતત્ત્વ, યે અપૂર્ણ કૈસે હો? ઉસમેં અશુદ્ધતા કૈસે હો? યે તો શુદ્ધતાાના પરિપૂર્ણ પિંડ પ્રભુ! પવિત્રતાના ગુણની ગાંસડી છે.

✿ આત્માકી પ્રતીતિ કરકે અંતરસે ઉસકે અસ્તિત્વકો ખ્યાલમેં લે. ભગવાન પૂર્ણાનંદ અનંત ગુણનો પિંડ ધ્રુવ-અસ્તિત્વ મોજુદગી ચીજ હૈ, યે જ્ઞાનના લક્ષણે મોજૂદગી ચીજકો ખ્યાલમેં લે ઔર લેકર પ્રતીતિ કર, ઉસકા નામ સમ્યગ્દર્શન હૈ.

✿ પૂર્ણાનંદ પ્રભુ અનંત ગુણકા પિંડ મૌજૂદ ચીજ ધ્રુવ, ઉસકો વર્તમાન જ્ઞાનકી પર્યાય લક્ષણ દ્વારા પકડ લે અને એ મહા અસ્તિત્વકી પ્રતીતિ કર લે. પર્યાયકી નહીં, રાગકી નહીં, એ મહાઅસ્તિત્વ હૈ, ઉસકી પ્રતીતિ કર લે.

✿ વસ્તુ સ્વતઃસિદ્ધ છે. ભગવાન આત્મા સ્વતઃ અપનેસે 'પોતાથી છે';

એનો કોઈ કર્તા નથી, કોઈથી થયેલી નથી, એ સ્વતઃસિદ્ધ છે. સત્ છે પ્રભુ!

✿ 'પ્રભુ! તુમ જાણગરીતી, સૌ જગ દેખતા હો લાલ'. ભગવાનને વિનંતી કરે છે, ભગવાન બિરાજે છે મહાવિદેહમાં, તીર્થંકરપણે બિરાજે છે, સમવસરણમાં અત્યારે હોં. મહાવિદેહમાં. 'પ્રભુ તુમ જાનગ રીતિ સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ અમને પેખતા હો લાલ'. હે નાથ! હે સર્વજ્ઞ પરમાત્મા! આપ ત્રણ કાળ, ત્રણ લોકને જાણતાં જાણતા અને અમારા અંદર આત્માની નિજ સત્તા શુદ્ધ અને પરમબ્રહ્મ આત્મા એને જાણતા. નિજ સત્તાએ શુદ્ધ, 'પોતાની સત્તા શુદ્ધ છે એમ ભગવાન આત્માને ભાળે (જાણે) છે, દરેક આત્માને. એને એમ ભગવાન ભાળે છે એમ તું જો અંદર. એ નિજ સત્તા પોતાનું હોવાપણું, ભગવાન સ્વયં અપનાસે હોવાપણું-કાયમી ચીજ-એને દૃષ્ટિ અવલંબે, પણ જે દૃષ્ટિ થઈ. અનિત્ય એ નિત્યનો નિર્ણય કરે. સમ્યગ્દર્શનાદિ પર્યાય અનિત્ય હૈ. એક સમયની છે એ પ્રભુ નિત્ય છે એનો નિર્ણય કરે એ આ દ્રવ્યને આશ્રયે થાય છતાં એ પર્યાય અનિત્ય છે. એક સમય ટકે છે, બીજે સમયે નહીં. ભગવાન આત્મા ત્રિકાળી, ત્રિકાળ ધ્રુવ બિંબ પડ્યો છે.

✿ રાગાદિના વિકલ્પને પોતાનો માન્યો ત્યાં ભગવાન અંદર ચિદાનંદ વીતરાગ સ્વરૂપ તેને મરણતોલ કરી નાંખ્યું કે 'તું નહીં, હું છું', શુભરાગથી આત્માને લાભ થાય એમ માનનારા અને શુભરાગને પોતે મોટપ આપી દીધી. અને ભગવાનનું જીવન છે ત્રિકાળ ટકતું, એનો નકાર કરી નાખ્યો.

✿ પૂર્ણ હોવાપણું, એટલે કે પર્યાય પણ નહીં, રાગ નહીં, પણ પૂર્ણ હૈયાતી ત્રિકાળ કે જેની હૈયાતી શાશ્વત છે અને તે શાશ્વત અનંત અતીન્દ્રિય સુખથી ભરપૂર છે.

✿ અનંત ગુણનો નિધાન ભગવાન એની હૈયાતી છે એમ ન માનતા, રાગ ને દયા ને દાન ને વ્રત ને વિકલ્પ, એની હૈયાતી માની, એની હૈયાતીએ ત્રિકાળની હૈયાતીને મરણતોલ કરી નાખ્યું.

✿ દેવ-ગુરુ શું કહે છે તે બરાબર જિજ્ઞાસાથી સાંભળી, વિચાર કરી, જો

આત્માની નક્કર ભૂમિ-આત્માની અસલ નક્કર ધ્રુવભૂમિ-અસલ ભૂમિ એટલે એ-બદલતા વિનાની-ધ્રુવ, જ્ઞાનની વજ્રમય ભૂમિ-એકલું જ્ઞાન દળ, આનંદ દળ, શાંતિનું દળ, એવી જે નક્કર ભૂમિ. જેમાં પર્યાયનો પ્રવેશ નહીં ને જેનું પર્યાયમાં આવવું નહીં, એવી જે નક્કર ભૂમિ એને સાંભળી એટલે કે નક્કર ભૂમિ જે આત્માનું અસ્તિત્વ, કાયમ રહેનારું અસ્તિત્વ-ધ્રુવ-તેને ખ્યાલમાં લે.

✿ મૂળ હૈયાતી ભગવાન આત્મા-સર્વજ્ઞ જિનેશ્વરદેવે જે મૂળ અસ્તિત્વની હૈયાતી આત્માની કીધી એ પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનાદિ એકરૂપ સ્વભાવરૂપ એ સામાન્ય દ્રવ્ય છે.

✿ દ્રવ્ય તો ત્રિકાળી શુદ્ધ જ પૂર્ણ છે, એ અશુદ્ધતા અંદર ગઈ ને શુદ્ધતા આવી, તો પણ દ્રવ્ય તો ત્યાં પરિપૂર્ણ જ છે. અને ઘણી અશુદ્ધતા મિથ્યાત્વની ગઈ તો દ્રવ્ય તો પૂર્ણ શુદ્ધ જ હૈ ત્યાં, એની યોગ્યતા ગઈ છતાં તે તો પૂર્ણ શુદ્ધ હી હૈ.

✿ ચૈતન્ય ભગવાન વસ્તુ છે ને? તત્ત્વ છે ને? અસ્તિ-સત્તા સ્વભાવરૂપ વસ્તુ છે ને? તો એની સત્તામાં અનંત અનંત સત્તાઓ ગુણની ભરી છે. વિભૂતિ ગુણ કહો કે ગુણ કહો. અનંત અનંત વિભૂતિ ગુણની ભરી છે. એક-એક ગુણની શક્તિ અનંતી પર્યાય થાય. ને એક-એક ગુણની શક્તિ અનંતની અનંત ગુણના રૂપ પણે છે, આત્માની અનંતી વિભૂતિ એના એક-એક ગુણ જે છે તેની પર્યાય અનંતી થાય, અને એક-એક ગુણમાં અનંતગુણનું રૂપ છે એવી જે ચૈતન્યવિભૂતિ એને શું ઉપમા દેવી? એ ચૈતન્ય વિભૂતિ-તેને કોઈ ઉપમા લાગુ પડતી નથી.

✿ આત્માની મોજૂદગી-હૈયાતી કહો-ત્રિકાળી હૈયાતી કહો-ન પકડે, દૃષ્ટિમાં ન લે, પર્યાયમેં ઉસકો જ્ઞેય બનાવે નહીં, ઔર તદ્‌રૂપ પરિણમન ન હો, આનંદકી ધારારૂપ પરિણમન ન હો. શાંતિકી ધારારૂપ પરિણમન ન હો, તો વો જ્ઞેય નિમગ્નતા હૈ. મહાપ્રભુ! ચૈતન્ય મહાપ્રભુ. ભગવાન આત્મા છે, એની મોજૂદગી, એની હૈયાતી, પૂર્ણ અનંત ગુણનો પિંડ-તેની હૈયાતી છે. એની સત્તામાં અસ્તિત્વને જો જાણ્યું હોય, ગ્રહણ કર્યું હોય તો છૂટો પડે.

✿ માંડ-માંડ શુભમાં આવ્યો છું. હવે ઈ છૂટી જશે તો હું શૂન્ય થઈ જઈશ. એમ નથી પ્રભુ! તું સિદ્ધ સમાન છો, શુભ છૂટશે તો તારી શાંતિ વધશે અંદર. આ અસ્તિત્વ તારું વધશે. એનું અસ્તિત્વ જતાં તારું અસ્તિત્વ જાશે એમ નથી. એ મહાપ્રભુ જે અસ્તિત્વરૂપ વસ્તુ છે, અનંતકાળ ગયો, અનંતા ભવ થયા, એવો ને એવો છે.

✿ પર્યાયનું જે અસ્તિત્વ છે તે એક સમયનું અસ્તિત્વ છે. નાશવાન છે અને ભગવાનનું જે અસ્તિત્વ છે તે પોતાનું ધ્રુવ અસ્તિત્વ 'છે'.

✿ ચૈતન્ય સ્વભાવનો સત્તા ત્રિકાળ ધ્રુવ વર્તમાન હોં. એનું અસ્તિત્વ જ મારે જોઈએ છે. બસ ! બીજું કાંઈ જોઈતું નથી.

✿ ચૈતન્ય જીવનજ્યોતિ આનંદનો નાથ-એનો ન સ્વીકાર થઈ અને એ પુણ્ય-પાપના પરિણામનો સ્વીકાર થઈને રાજી થાય, એ ચૈતન્યના સ્વભાવની હૈયાતીને મારી નાખી એણે. એણે મરણતોલ કરી નાંખ્યું. એ તીર્થંકર ત્રિલોકનાથના વચન સિવાય, ઉપદેશ સિવાય અને ભાવ સિવાય આ ભ્રાંતિ ટળે એમ નથી.

✿ જાગતો જીવ ઊભો છે ને! વાહ! જાગતો એટલે જ્ઞાયકભાવ ધ્રુવ છે ને 'ઊભો' એટલે 'ધ્રુવ-ચૈતન્ય મહાસત્તા જાગૃત સ્વરૂપ, ધ્રુવ' છે ને! ખડો! છે! ને એ મહા અસ્તિત્વ છે ને! મહા સત્તા છે ને! તે જ ચીજ મારે જોઈએ છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)